RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં. ૬૧૯ તા.૯–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી ૩/૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સંપ્રશુગી મંદિર પાસે, સલાબતપુરા, સુરત ખાતે આવેલ મિલ્કતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ૩/૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સલાબતપુરા, સુરતવાળી મિલ્કત ઉપર હાલ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. દ્વારા કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? રેસીડેન્સ સર્વે નં., વોર્ડ નં. અને ટેનામેન્ટ નં. આપવો ? (૨) આ બાંધકામને કોમર્શિયલ કે રેસીડેન્શીલ પરમીશન આપવામાં આવેલી છે ? કે બન્ને ભેગી આપવામાં આવી છે ? વિ. મુદ્દા નં. (૧) થી (૧૦)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૯/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી ૩/૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સંપ્રશુગી મંદિર પાસે, સલાબતપુરા, સુરત ખાતે આવેલ મિલ્કતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતે મુદ્દા નં. (૧) ૩/૧ ૭૦૯– ૧૭૧૦ રેશમવાડ, સલાબતપુરા, સુરતવાળી મિલ્કત ઉપર હાલ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. દ્વારા કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? રેસીડેન્સ સર્વે નં., વોર્ડ નં. અને ટેનામેન્ટ નં. આપવો ? (૨) આ બાંધકામને કોમર્શિયલ કે રેસીડેન્શીલ પરમીશન આપવામાં આવેલી છે ? કે બન્ને ભેગી આપવામાં આવી છે ? વિ. મુદ્દા નં. (૧)થી (૧૦)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૨–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલ મુદ્દા અંગે તેમનો પક્ષ રજૂ કરવા તથા અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા માહિતીની દફતરી વિગત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮૪ તા.૧૭–૨–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારને આપેલ માહિતી પત્ર ૧–૩–૧૨ની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨–૩–૧૨ નો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી ૩/૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સંપ્રશુગી મંદિર પાસ ે, સલાબતપુરા, સુરત ખાતે આવેલ મિલ્કતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) ૩/૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સલાબતપુરા, સુરતવાળી મિલ્કત ઉપર હાલ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. દ્વારા કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? રેસીડેન્સ સર્વે નં., વોર્ડ નં. અને ટેનામેન્ટ નં. આપવો ? મુદ્દા નં.(૨) આ બાંધકામને કોમર્શિયલ કે રેસીડેન્શીલ પરમીશન આપવામાં આવેલી છે ? કે બન્ને ભેગી આપવામાં આવી છે ? તેવા મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩ નોંધ નં.૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સલાબતપુરા , સુરતવાળી મિલ્કત અંગે સુરત મહાનગરપાલિકા તરફથી કોઈ વિકાસ પરવાનગી આપી હોવાનું રેકર્ડની ચકાસણી કરતાં વિગતો ઉપલબ્ધ નથી તેવું નિયત સમય અવધિ બાદ વિલંબથી જણાવેલ છે. મુદ્દા નં.(૩) હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામની

મંજુરી આપવામાં આવી છે? આ મિલ્કતની આકારણી કોના નામે ચાલી આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપર મુજબ બાંધકામની પરવાનગી આપવામાં આવેલ હોય હોવાના રેકર્ડ ચકાસણી કરતાં તે ઉપલબ્ધ નથી. વોર્ડ નં.૩ નોંધ નં.૧૭૧૦ પૈકીથી નોંધાયેલ મિલ્કત નોંધ નં.૧૬૯૧બી પૈકી સાથે મર્જ થયેલ ટેના નં.૦૩બી–૦૩–૨૦૯૧–૦–૦૦૧ અને ૦૩બી–૦૩–૨૧૦૧–૦–૦૦૧ થી આકારણી દફતરે અનુક્રમે વજુલાલ મંછારામ મહાત્મા તથા પરેશકુમાર વજુલાલ , નીલેશકુમાર વજુલાલ તથા કિશોરકુમાર વજુલાલ મહાત્માના નામે નોંધાયેલ છે જેના કોમ્પ્યુટરાઈઝડ પાર્ટી સ્ટેટસ તથા એરીયા બેઈઝ ટેક્ષ કેલ્કયુલેશન રીપોર્ટ પાના નંગ–૪ આ સાથે સામેલ છે વધુમાં નોંધ નં.૧૭૦૯ થી નોંધાયેલ મિલ્કત ઉપલબ્ધ આકારણી રેકર્ડ ચકાસતાં નોંધાયેલ નથી. મુદ્દા નં.(૪) ૩/૧૭૦૯–૧૭૧૦ રેશમવાડ, સલાબતપુરા, સુરતના બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની નકલ. મુદ્દા નં.(૫) માર્જીનની જગ્યા શા માટે છોડવામાં આવી નથી? પ્લાન કયારે પાસ કર્યો છે કઈ તારીખે અને કયા અધિકારી ધ્વારા કરાયો છે? તેવા મુદ્દા નં.૪ અને ૫ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીક્રમ નં.૧ ની વિગતો ધ્યાને લેતાં આ અંગે પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ચાલુ બાંધકામ દરમ્યાન રોડનું ખોદાણ કરી લાઈન લેવામાં આવી હતી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં સૂચવેલ ઈમારતનાં ચાલુ બાંધકામ દરમ્યાન પાણી વિભાગ ધ્વારા રોડનું ખોદાણ કરી પાણીની લાઈન લેવામાં આવી હોય તે સંબધિત ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદરહુ ઈમારતના સંબધિત અરજદારો ધ્વારા પાણીનું નળ જોડાણ મેળવવા અંગે અરજી મળેલ નથી અને તેના અનુસંધાને રોડ ખોદાણ કરીને પાણીનું જોડાણ કરવાની મંજુરી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) પ્રગતિ ફોર્મમાં કરેલ વિઝિટનો રેકર્ડની કોપી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ક્રમ નં.૧ ની વિગતો ધ્યાને લેતાં આ અંગે પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) ગટર તથા પાણીના કનેકશન આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપર મુદ્દા નં.૬ ની પૂર્તતમાં જણાવ્યા મુજબ પાણીના નળ કનેકશન મેળવવા અરજી થયેલ ન હોવાથી તેના અનુસંધાને પાણીના કનેકશનની મંજુરી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) આ મિલ્કત ઉપર વગર પરવાનગીએ બાંધકામ થઈ રહયું હોય તો તેની સામે કોઈ પગલા કેમ ભરાયા નથી તેની વિગત અથવા તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ મુદ્દા નં.(૧૦)સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે એવો રીપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામા અને પોસ્ટ જણાવવું. તેવા મુદ્દા નં.૯ અને ૧૦ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીઆ મિલ્કત સામે વગર પરવાનગીના બાંધકામ માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે સંબધિત રેકર્ડ અંગે ચકાસણી કરતાં વિગતો ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮૪ તા.૧૭–૨–૧૨ થી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨–૩–૧૨ ના પત્રથી નારાજગીનું કારણ અમને જવાબ અલગ અલગ અને સવાલ સામે જવાબ આપવામાં આવેલ નથી માત્રને માત્ર નાણા ભરવા માટે જણાવવામાં આવેલ છે. (૧) બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ બોર્ડ જ મુકવામાં આવ્યા નથી. (૨) મનપાના કોઈ પણ અધિકારી કે કોઈ પણ વ્યકિત ધ્વારા માહિતી અધિકારીને સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યા નથી કે નથી અમને લેટર લખી સ્પષ્ટતા કરવા માટે બોલાવવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારને સદરહુ માહિતી અંગે અરજદારે વોર્ડ નંબર, નોંધ નંબર જણાવેલ છે અને જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મળેલ માહિતી અંગે કોઈ જ નારાજગી અપીલ તબકકે રજૂ કરેલ નથી.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારે અપીલમાં ૨૧–૧૧–૧૧ ની અરજી સામે અપીલ હોવાનું જણાવેલ છે જયારે સાથે રસીદ ૨૧–૧૨–૧૧ ની મુકેલ છે તેને અનુલક્ષી અપીલીય કાર્યવાહી કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૨–૧૨ ધ્યાને લેતાં ૦૯–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૪–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા ,